## એકલતાથી કંટાળી વૃદ્ધે ફાંસો ખાધો

સુરતઃ લિંબાયતમાં રહેતા ૬૦ વર્ષીય સંચા કામદારે એકલવાયા જીવનથી કંટાળીને ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના જલગાવના વતની રાજુભાઈ મારુતિભાઈ પૌનીકર હાલ લિંબાયતની મયુર સોસાયટીમાં રહેતા હતા. ગઈકાલે સાંજે તેમણે પોતાના ઘરના રૂમમાં લોખંડની એંગલ સાથે નાડું બાંધી ફાંસો ખાઈ લીધો હતો. લિંબાયત પોલીસની તપાસમાં રાજુભાઈ એકલવાયા જીવનથી કંટાળી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

## ઉત્રાણમાંથી 96 હજારના ગાંજા સાથે એક ઝડપાયો

સુરતઃ ઉત્રાણમાં ગાંજાનું વેચાણ કરતાં સની દિનેશભાઈ રાઠોડ (ઉં.વ.24, રહે. 310, હળપતિ વાસ, રામપાટ, ઉત્રાણ)ને પોલીસે ઝડપી પાડી રૂ.69,450ની કિંમતનો 1.389 કિલો ગાંજો સહિત કુલ રૂ.96,950નો મુદ્દામાલ કબજે કર્યો છે. તે અશ્વિનીકુમાર ફૂલપાડા બ્રિજ નીચેથી રાજન નામના ઇસમ પાસેથી ગાંજો મેળવી આવતો હતો અને ત્યારબાદ તેને છૂટકમાં વેચતો હતો. આરોપીની કબૂલાતના આધારે પોલીસે ગાંજાનો જથ્થો સપ્લાય કરનાર રાજનને વોન્ટેડ જાહેર કર્યો છે.

## મશીન ચડાવતી વખતે બીજા માળેથી પટકાતાં શ્રમિકનું મોત

સુરતઃ ડિંડોલીમાં રહેતા ૬૦ વર્ષીય શ્રમિકનું બીજા માળેથી નીચે પટકાતા મોત થયું હતું. મળતી માહિતી મુજબ, મૂળ તેલંગાણાના વતની અને હાલ ડિંડોલીની સુમન કેશવ સોસાયટીમાં પરિવાર સાથે રહેતા ૬૦ વર્ષીય સથૈયા બુચૈયા કોટા મજૂરી કામ કરતા હતા. ગઈકાલે બપોરે તેઓ સચિન હોજીવાલા રોડ નંબર-૭ પર આવેલી રુદ્ર ટેક્સ કંપનીમાં યાર્નનું ટોપ મશીન બીજા માળે ચડાવી રહ્યાં હતાં ત્યારે બીજા માળેથી નીચે પટકાતાં તેમનું મોત થયું હતું.

# ઉધનામાં ૧૦૦ રૂપિયા ન આપતાં ધો-૧૦ના વિદ્યાર્થીને ચપ્પુ મારી દીધું

**કાયદાના** ધજાગરા, પીઆઈ આર.એમ. ઠાકોરનો દબદબો શૂન્ય

**ધારાસભ્ય** મનુ પટેલની રજૂઆત છતાં ઉધનામાં ગુનાખોરી બેફામ

**વિદ્યાર્થીની** માતાની ફરિયાદના આધારે અંકિત રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધાયો

સુરતઃ ઉધનામાં પીઆઈ આર.એમ. ઠાકોરનો કોઈ ધાક કે દબદબો જ ન રહ્યો હોય તેમ ગુનાખોરી ચરમસીમાએ પહોંચી છે. થોડા દિવસો પહેલાં જ પોલીસ કમિશનર કચેરી ખાતે યોજાયેલી સંકલન બેઠકમાં ઉધનાના ધારાસભ્ય મનુ પટેલે ઇન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ જામીર સહિતના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ઉધના વિસ્તારમાં દિવસેને દિવસે વધી રહેલા ક્રાઈમ રેટ અંગે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે વિસ્તારમાં ગુનાખોરી નાથવા કડક પગલાં લેવાની રજૂઆત કરી હતી. તેવામાં એડવોકેટ પર થયેલા હુમલા બાદ હવે માત્ર રૂ.૧૦૦ ની ઉઘરાણીમાં ૧૪ વર્ષના સગીર પર ચપ્પુ વડે થયેલા લોહિયાળ હુમલાએ ધારાસભ્યની આક્રોશપૂર્ણ રજૂઆતને અક્ષરશઃ સાચી ઠેરવી દીધી છે.

ઉધનામાં સિદ્ધિ સર્જન એપાર્ટમેન્ટ ખાતે રહેતા મંજુબેન મેવાલાલ ખત્રીનો ૧૪ વર્ષીય નાનો પુત્ર રવિ ધોરણ-૧૦ માં અભ્યાસ કરે છે. ગત તા. ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ સાંજે રવિ તેના મિત્ર રાજ કટારે સાથે કાશીનગર મેદાન ખાતે ગયો હતો. તે સમયે પ્રધાનમંત્રી આવાસ પાસે રહેતો તેનો ઓળખીતો અંકિત રાઠોડ ત્યાં આવી પહોંચ્યો હતો. અંકિતે રવિ પાસે રૂ.૧૦૦ ની માંગણી કરી હતી. રવિએ રૂપિયા આપવાની ના પાડતાં ઉશ્કેરાયેલા અંકિતે ગાળાગાળી કરી પોતાની પાસે રહેલા ચપ્પુ વડે રવિ પર તૂટી પડ્યો હતો. હુમલાખોરે રવિના ડાબા પગની જાંઘ, પીઠ અને હાથના ભાગે ચપ્પુના સપાટા મારી લોહીલુહાણ કરી દીધો હતો. હુમલો કર્યા બાદ 'જો પોલીસ ફરિયાદ કરશે તો છોડીશ નહીં' તેવી ધમકી આપી આરોપી ફરાર થઈ ગયો હતો. ઘવાયેલો રવિ જેમ-તેમ મિત્રના ઘરે પહોંચ્યો હતો અને માતાને ફોન કરતાં પરિવારજનો તેને તાત્કાલિક પાંડેસરા કૈલાશ ચોકડી સ્થિત આરોગ્યમ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. વિસ્તારમાં લુખ્ખાઓ બેફામ બનતાં ઉધના પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ મામલે ભોગ બનનાર કિશોરની માતાની ફરિયાદના આધારે ઉધના પોલીસે અંકિત રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વેસુની બિલ્ડિંગની લિફ્ટ ખોટકાતાં માતા-પુત્રી ફસાયાં

**11મા** માળથી નીચે ઊતરતી વખતે લિફ્ટ 7મા માળે આવીને અટકી ગઈ હતી



સુરતઃ પોશ ગણાતા શહેરનાં વેસુ વિસ્તારમાં આવેલી રામેશ્વરમ હાઈટ્સ બિલ્ડિંગની લિફ્ટ શનિવારે સવારે એકાએક ખોટકાઈ જતાં તેમાં માતા-પુત્રી ફસાઈ ગયા હતા. બનાવની જાણ થતાં જ વેસુ ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળ ઉપર પહોંચી ગયો હતો.

રામેશ્વરમ હાઈટ્સ નામની બિલ્ડિંગમાં 11મા માળે હેતલબેન ઢોલરીયા સવારે 9:55 કલાકે તેની દિકરી નૈશાને સ્કૂલે મુકવા જતી વખતે બિલ્ડિંગની લિફ્ટનો ઉપયોગ કરી રહ્યા હતા. દરમિયાન લિફ્ટ 7મા માળ ઉપર આવીને અટકી ગઈ હતી. લિફ્ટનો દરવાજો ન ખુલતા તેમાં ફસાયેલાં માતા-પુત્રી ડરીને બૂમાબૂમ કરી દેતાં બિલ્ડિંગમાં રહેતા સભ્યો પણ તેઓની મદદે દોડી આવ્યાં હતાં. બાદમાં ફાયર કંટ્રોલને જાણ કરાતા વેસુ ફાયરની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. ફાયર ઓફિસર રોહિત ખલાસીએ જણાવ્યું હતું કે, ફાયર બ્રિગેડના જવાનોએ ગણતરીની મિનિટોમાં જ દરવાજો સ્પ્રેડર ટુલ્સની મદદથી ઉઘાડીને માતા-પુત્રીનું રેસ્ક્યુ કરી લીધું હતું. લિફ્ટમાં કોઈ ટેક્નિકલી ખામી સર્જાતા ખોટકાઈ ગઈ હોવાનું પણ ફાયર બ્રિગેડનાં સૂત્રોએ ઉમેર્યું હતું.

## ટ્રાવેલ્સના માલિકને ચેક રિટર્નના બે કેસમાં 1-1 વર્ષની સજા

સુરતઃ વીઆઈપી ટુર્સ ટ્રાવેલ્સના માલિક વિશેષ ઉર્ફે વિક્કી પંચાલને ચેક રિટર્નના બે કેસમાં કોર્ટે ૧-૧ વર્ષની જેલની સજા કોર્ટે ફટકારી હતી. અડાજણ રિધ્ધિ સિધ્ધિ રો-હાઉસમાં રહેતા જેનીશ અશોકકુમાર ફૂલવાળા, અશોકુમાર માળી તથા ભારતીબેન માળી પાસેથી આરોપી વિશેષ ઉર્ફે વિક્કી પંચાલ(ચીખલી)એ હાથ ઉછીના રૂપિયાની માંગણી કરતાં મે-૨૦૧૯માં દરેકે રૂ.૫ લાખ પ્રમાણેની રકમ આરોપીને આપી હતી. જે પેટે આરોપીએ ચેક આપ્યા હતા જે ચેક રિટર્ન થતાં ત્રણ ફરિયાદ કરી હતી. જેમાં આરોપીએ એક ચેકની રકમ ચૂકવી બાકીની રકમના નવા બે ચેક આપતા ફરિયાદ પરત લેવાય હતી. જે રિટર્ન થતાં ફરિયાદી જેનીશ ફુલવાળા તથા માતા ભારતીબેને વકીલ નરેશ ગોહિલ મારફતે અલગ અલગ ફરિયાદ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી બાદ ફરિયાદ પક્ષે ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને બંન્ને કેસમાં એક-એક વર્ષની સજા કરી ૫-૫ લાખના બે ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો.

# સતીષ મરાઠા હત્યામાં માસ્ટરમાઈન્ડ રાહુલ મંડલનો જેલમાંથી સોમવારે કબજો લેવાશે

**અન્ય** વગદાર લોકો કે ગેંગના સાગરીતોની સંડોવણી પણ બહાર આવી શકે

સુરતઃ ગોડાદરાના નામચીન સતીશ ઉર્ફે સત્યા મરાઠાની કરપીણ હત્યાના કેસમાં હાલ પકડાયેલા આરોપીઓ પોલીસના પાંચ દિવસના રિમાન્ડ હેઠળ છે. રિમાન્ડ દરમિયાન હાથ ધરાયેલી સઘન પૂછપરછમાં જેમ જેમ તપાસ આગળ વધી રહી છે, તેમ તેમ આ બહુચર્ચિત હત્યાકાંડના કાવતરા પાછળની નવી નવી કડીઓ ખુલતી જાય છે.

તપાસ દરમિયાન હત્યા માટેની સોપારી આપનાર મુખ્ય સૂત્રધાર તરીકે રાહુલ સોમન મંડલ (રહે., સંતોષનગર, લિંબાયત, મૂળ રહે., બિહાર)નું નામ સામે આવ્યું છે. રાહુલ મંડલ હાલ ગુજસીટોક (GUJCTOC) હેઠળ નોંધાયેલા ગુનામાં લાજપોર મધ્યસ્થ જેલમાં બંધ છે. કોર્ટમાંથી જામીન મંજૂર થયા હોવા છતાં અન્ય કાનૂની પ્રક્રિયાના કારણે તે હજુ કેદમાં હોવાથી પોલીસે તેનો જેલ ટ્રાન્સફર વોરંટથી સોમવારે કબજો મેળવવાની કવાયત હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ મંડલનો સોમવારે કબજો મેળવ્યા બાદ તેની સઘન પૂછપરછ કરવામાં આવશે. આ પૂછપરછ દરમિયાન હત્યાના મુખ્ય કાવતરાથી લઈને ઉપયોગમાં લેવાયેલા હથિયારોની વ્યવસ્થા તેમજ નાણાકીય લેવડ-દેવડ અંગેના અનેક રહસ્યો પરથી પડદો ઊંચકાવાની શક્યતા છે. આ ઉપરાંત, આ હાઈપ્રોફાઈલ હત્યાકાંડમાં અન્ય વગદાર લોકો કે ગેંગના સાગરીતોની સંડોવણી પણ બહાર આવી શકે છે.

## રિંકુની શોધખોળ માટે ચાર ટીમ રવાના

**છ** મહિના અગાઉથી જ હથિયારોની વ્યવસ્થા શરૂ કરાઈ હતી

સુરતઃ આખા હત્યાકાંડમાં તમામના રોલ નક્કી થઈ ગયા છે પરંતુ પોલીસ હજુ રિંકુ નામના ઈસમની શોધખોળ કરી રહી છે. આરોપીઓ રિંકુ મામલે કોઈ સ્પષ્ટતા કરી નથી રહ્યા જેથી પોલીસ રિંકુની કળી મેળવી શકી નથી. પરંતુ કિશોરોની કબૂલાત આધારે રિંકુની શોધખોળ માટે પોલીસે કડોદરા, પલસાણા અને શહેરમાં ચાર ટીમોને કામે લગાડી છે. સતીશની હત્યા માટે આરોપીઓએ છ મહિના અગાઉથી જ હથિયારો સહિતના સાધનોની વ્યવસ્થા કરવાની તૈયારી શરૂ કરી હતી. સની અને રાહુલ બટકાએ હત્યામાં ઉપયોગમાં લેવાના સાધનોની વ્યવસ્થા કરી આપવાની બાંહેધરી આપી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.હત્યામાં વપરાયેલા હથિયારો જૂનાગઢ અને ભાગળથી આવ્યા હોવાનું, જ્યારે ફાયરિંગના સાધનો આર.કે. મારફતે મેળવવામાં આવ્યા હોવાની માહિતી પોલીસને મળી છે.

# એક માસનો વિલંબ ગ્રાહકને ભારે પડયો, PNB વિરુદ્ધની ફરિયાદ ફગાવાઈ

**ધિરાણ** માટે બેન્કે વસૂલેલી રૂ.૬.૮૮ લાખની ફી પરત મેળવવા ગ્રાહકે કમિશનને ફરિયાદ કરી હતી

સુરતઃ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા પંજાબ નેશનલ બેન્ક વિરુદ્ધ દાખલ કરાયેલી રૂ. ૬.૮૮ લાખથી વધુના વળતરની ફરિયાદ ૨ વર્ષની કાયદાએ ઠરાવેલી મુદત મર્યાદા વીતી ગયા પછી ૧ માસના વિલંબથી દાખલ કરી હોવાથી ફરિયાદને સમયમર્યાદા બહાર ગણાવીને રદ કરવા હુકમ કરવામાં આવ્યો હતો.

મેસર્સ ઓરીલોન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર વિકાસ શ્યામસુંદર ઝુનઝુનવાલાના પાવર ઓફ એટર્ની હોલ્ડર વિકાસ શ્રવણકુમાર અગ્રવાલે પંજાબ નેશનલ બેન્કની મુખ્ય શાખા વિરુદ્ધ સુરત જિલ્લા ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી હતી. રૂ.૧૦ કરોડની ક્રેડિટ ફેસિલીટી (ધિરાણ) મંજૂર કરવામાં વિલંબ કરતાં ફરિયાદીએ લોન લેવાનું માંડી વાળ્યા પછી બેન્કે પ્રોસેસિંગ ફી તરીકે રૂ.૬,૩૫,૧૬૩ તથા NOC ચાર્જના રૂ.૫૩,૧૦૦ સહિત કુલ રૂ.૬,૮૮,૨૬૩ બેન્ક એકાઉન્ટમાંથી વસૂલ કર્યા હતા. બેન્ક વતી એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ અને ઈશાન શ્રેયસ દેસાઈએ કમિશન સમક્ષ કાયદાકીય દલીલો અને બેન્કિંગ નિયમોના પુરાવા રજૂ કરતા જણાવ્યું હતું કે ગ્રાહક સુરક્ષા કાયદાની કલમ-૨૪(એ) મુજબ ફરિયાદનું કારણ ઉદભવે ત્યારથી ૨ વર્ષની અંદર કેસ દાખલ કરવો જરૂરી હતો.

આ ફરિયાદ સમયમર્યાદા પૂર્ણ થયાના એક માસ કરતાં વધુ વિલંબથી દાખલ કરાઈ હતી, જેમાં વિલંબ માફીની કોઈ અરજી પણ કરાઈ નહોતી. અધિકારવિહીન પાવર ઓફ એટર્ની હોવાની તથા રિઝર્વ બેન્કની માર્ગદર્શિકા મુજબ વસૂલેલી રકમ સંપૂર્ણપણે યોગ્ય અને કાયદેસર હતી. બન્ને પક્ષની રજૂઆત અને દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ સુરત જિલ્લા ગ્રાહક કમિશન (એડિશનલ)ના પ્રમુખ આર.એલ. ઠક્કર અને સભ્ય પૂર્વીબેન વી. જોષીની બેન્ચે ઠરાવ્યું હતું કે, ફરિયાદ સમયમર્યાદા બહાર હોવાથી તેમજ જે પાવર ઓફ એટર્નીના આધારે ફરિયાદ દાખલ કરવામાં આવી તે POA ધારા-ધોરણ મુજબનો અને કાયદેસરનો ન હોવાથી ફરિયાદ ગ્રાહ્ય રાખી શકાય નહીં.

## વરસાદમાં ધાબા પર જામેલી લીલથી પગ લપસી જતાં વેપારીનું મોત

**પાણીની** ટાંકીનું લીકેજ જોવા વેપારી ધાબા પર ગયા ને 12 ફૂટ નીચે પટકાયા

સુરતઃ ઉધના વિસ્તારમાં પાણીની ટાંકીનું લીકેજ જોવા ધાબા પર ગયેલા ૪૨ વર્ષીય કરિયાણા વેપારીનું અકસ્માતે નીચે પટકાતા મોત થયું હતું. વરસાદના કારણે ધાબાની પાળી પર લીલ જામી ગઈ હતી, જેના કારણે પગ લપસતાં તેઓ આશરે ૧૨ ફૂટ નીચે પટકાયા હતા.

ઉધના સ્વામિનારાયણ મંદિર સામે આવેલી હરિનગર સોસાયટી વિ-૨માં રહેતા ૪૨ વર્ષીય રોહન અશોકભાઈ મિસ્ત્રી કરિયાણાની દુકાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ગત ૫ ઓગસ્ટે સવારે રોહનભાઈ ઘરના ધાબા પર પાણીની ટાંકીમાં કઈ જગ્યાએ લીકેજ છે તે જોવા માટે પાળી પર ચડ્યા હતા. દરમિયાન વરસાદના કારણે પાળી પર લીલ જામી હોવાથી અચાનક તેમનો પગ લપસી ગયો હતો અને તેઓ ૧૨ ફૂટ ઊંચાઈ પરથી નીચે ધાબા પર પટકાયા હતા. અકસ્મતામાં ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન ગઈકાલે સાંજે તેમનું મોત નીપજ્યું હતું. સમગ્ર બનાવ અંગે ઉધના પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


# સુરતમાં વિશ્વસ્તરીય હોસ્પિટાલિટીને મળ્યો નવો આયામ 'ધ વર્લ્ડ સુરત'ને મળ્યું 5-સ્ટાર હોટેલ ક્લાસિફિકેશન



સુરતઃ ધ વર્લ્ડ સુરતે ભારત સરકારના પર્યટન મંત્રાલય તરફથી 5-સ્ટાર હોટેલ ક્લાસિફિકેશન હાંસલ કર્યું છે, જે માત્ર હોટેલ માટે જ નહીં પરંતુ સુરતના ઝડપથી વિકસતા હોસ્પિટાલિટી ક્ષેત્ર માટે પણ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ બની છે. પર્યટન મંત્રાલયનું 5-સ્ટાર ક્લાસિફિકેશન મેળવનારી ગુજરાતની ગણતરીની હોટેલોમાં સ્થાન મેળવીને ધ વર્લ્ડ સુરતે રાજ્યના લક્ઝરી હોસ્પિટાલિટી ક્ષેત્રમાં નવો માપદંડ સ્થાપિત કર્યો છે. આ માન્યતા સાથે ધ વર્લ્ડ સુરત હવે ભારત સરકાર દ્વારા સત્તાવાર રીતે વર્ગીકૃત **5-સ્ટાર હોટેલો**માં સામેલ થયું છે. લક્ઝરી હોસ્પિટાલિટી, ઉચ્ચ સ્તરની સેવા અને કાર્યસંચાલનની ગુણવત્તા સહિત પર્યટન મંત્રાલય દ્વારા નિર્ધારિત કડક માપદંડોને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ આ પ્રતિષ્ઠિત 5-સ્ટાર ક્લાસિફિકેશન પ્રાપ્ત થયું છે.

ભારતના હોસ્પિટાલિટી ક્ષેત્રમાં પર્યટન મંત્રાલયની 5-સ્ટાર ક્લાસિફિકેશન પ્રક્રિયા સૌથી વ્યાપક અને કડક મૂલ્યાંકન પદ્ધતિઓમાંની એક માનવામાં આવે છે. સામાન્ય પ્રમાણપત્રોથી વિપરીત, આ પ્રક્રિયામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એન્જિનિયરિંગ સિસ્ટમ્સ, ગેસ્ટ ફેસિલિટીઝ, ઓપરેશનલ એક્સલન્સ, સર્વિસ ક્વાલિટી, ફૂડ એન્ડ બેવરેજના ધોરણો, સલામતીની વ્યવસ્થાઓ, ટકાઉ વિકાસ, સુલભતા, ટેક્નોલોજીનું સંકલન તેમજ ગેસ્ટ એક્સપિરિયન્સ સહિતના તમામ પાસાનું અત્યંત વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં આશરે 30થી વધુ લાયસન્સ, કાયદેસર મંજૂરીઓ, તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો રજૂ કરીને તેની સઘન ચકાસણીમાંથી પણ પસાર થવું પડે છે, જે સરકારની મૂલ્યાંકન પ્રક્રિયાની વ્યાપકતા અને કડકતા દર્શાવે છે. હોસ્પિટાલિટી ક્ષેત્રના નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ પ્રક્રિયા ઉદ્યોગની સૌથી કડક ડ્યૂ-ડિલિજન્સ પ્રક્રિયાઓમાંની એક છે, જેમાં સરકાર સર્વોચ્ચ શ્રેણીનું ક્લાસિફિકેશન એનાયત કરે તે પહેલાં પ્રોપર્ટીની સર્વાંગી તૈયારીઓની સઘન ચકાસણી કરવામાં આવે છે. સામાન્ય રીતે અનેક પ્રીમિયમ હોસ્પિટાલિટી પ્રોજેક્ટ્સને કાર્યરત થયાના વર્ષો બાદ આ માન્યતા પ્રાપ્ત થાય છે, જ્યારે ધ વર્લ્ડ સુરતે ટૂંકા સમયમાં જ તમામ કડક રાષ્ટ્રીય માપદંડોને સફળતાપૂર્વક પૂર્ણ કરીને આ પ્રતિષ્ઠિત સિદ્ધિ હાંસલ કરી છે.

આ સિદ્ધિ છેલ્લા અનેક દાયકાઓ દરમિયાન સુરતે કરેલા નોંધપાત્ર વિકાસ અને પરિવર્તનની પણ સાક્ષી છે. વિશ્વભરમાં 'ડાયમંડ સિટી' તરીકે જાણીતા તથા ભારતના અગ્રણી ટેક્સટાઈલ અને મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિકસેલા સુરતે વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ અર્બન પ્લાનિંગ અને મજબૂત ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમના આધારે સતત પોતાની આગવી ઓળખ મજબૂત બનાવી છે. જોકે સુરત આર્થિક રીતે દેશના સૌથી મહત્વપૂર્ણ શહેરોમાંનું એક છે, તેમ છતાં લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય બિઝનેસ ટ્રાવેલર્સ, મલ્ટીનેશનલ કંપનીઓ, રોકાણકારો, કન્વેન્શન ડેલિગેટ્સ તથા લક્ઝરી લેઝર પ્રવાસીઓની જરૂરિયાતોને અનુરૂપ વિશ્વસ્તરીય હોસ્પિટાલિટી ડેસ્ટિનેશનની ખોટ અનુભવાતી હતી. ધ વર્લ્ડ સુરતનું વિઝન આ લાંબા સમયથી રહેલી જરૂરિયાતને પૂર્ણ કરવાની સાથે શહેરના હોસ્પિટાલિટી ક્ષેત્રને નવા ધોરણો સુધી પહોંચાડવાનું રહ્યું છે.



વિશ્વભરમાં મુખ્ય પરિવહન કોરિડોરની આસપાસ વિકસેલા હોસ્પિટાલિટી પ્રોજેક્ટ્સ શહેરી વિકાસ અને આર્થિક પરિવર્તનના પ્રતીક તરીકે ઉભરી આવ્યા છે. ન્યૂયોર્કના ગ્રાન્ડ સેન્ટ્રલ ટર્મિનલ, લંડનના સેન્ટ પેનક્રાસ ઈન્ટરનેશનલ અને વોટરલૂ, પેરિસના ગાર દ લિયોન, ટોક્યો સ્ટેશન તેમજ સિયોલ સ્ટેશન જેવા વૈશ્વિક પરિવહન કેન્દ્રોની આસપાસ આવેલી પ્રીમિયમ હોટેલ્સ ઉત્તમ કનેક્ટિવિટી અને સતત વ્યાપારી પ્રવૃત્તિઓના કારણે આગવી ઓળખ ધરાવતા ડેસ્ટિનેશન્સ તરીકે વિકસી છે. સુરત પણ હવે આવા જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે. આ જ દીર્ઘદૃષ્ટિને ધ્યાનમાં રાખીને ધ વર્લ્ડ સુરતનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેથી ભવિષ્યમાં તે ભારતના અગ્રણી હોસ્પિટાલિટી લેન્ડમાર્ક્સમાં સ્થાન મેળવશે.

એક સંકલિત હોસ્પિટાલિટી ડેસ્ટિનેશન તરીકે વિકસાવવામાં આવેલા ધ વર્લ્ડ સુરતમાં લક્ઝરી સ્યુટ્સ અને રૂમ્સ, પ્રીમિયમ ડાઈનિંગ, ભવ્ય કન્વેન્શન અને બેન્ક્વેટ સુવિધાઓ, બિઝનેસ સ્પેસિસ, આધુનિક લાઈફસ્ટાઈલ સુવિધાઓ તેમજ અત્યાધુનિક ડેટા સ્ટોરેજ સેન્ટર સાથે ITeS સુવિધાઓ એક જ પરિસરમાં ઉપલબ્ધ છે. આ પ્રોપર્ટીનું સંચાલન ભારતની અગ્રણી હોસ્પિટાલિટી કંપનીઓમાંની એક રોયલ ઓર્કિડ હોટેલ્સ લિમિટેડ (ROHL) દ્વારા કરવામાં આવે છે, જે હિંદવાના વિકાસના વિઝનને અનુભવી હોટેલ મેનેજમેન્ટ સાથે જોડે છે.

ધ વર્લ્ડ સુરત આજે આગવા સાંસ્કૃતિક અનુભવોના ડેસ્ટિનેશન તરીકે પણ ઉભરી આવ્યું છે. અહીં હિંદવા ગ્રૂપ દ્વારા પ્રસ્તુત ભારતના સૌથી પ્રતિષ્ઠિત અને વૈભવી નવરાત્રી મહોત્સવોમાંના એક 'નવ અવસર'નું આયોજન થાય છે. વર્ષો દરમિયાન નવ અવસર દેશભરમાંથી સહભાગીઓ અને મુલાકાતીઓને આકર્ષતો એક પ્રતિષ્ઠિત ઉત્સવ બની ગયો છે.

**નવ અવસર નવરાત્રી 2026**નું વિશિષ્ટ ક્યુરેશન જાણીતા ગાયક, સંગીતકાર, ક્રિએટિવ પ્રોડ્યુસર અને ગુજરાતની અગ્રણી સાંસ્કૃતિક હસ્તીઓમાંના એક પાર્થિવ ગોહિલ અને ટીમ દ્વારા કરવામાં આવશે. લોકપ્રિય મ્યુઝિકલ પ્રોડક્શન 'રાજાધિરાજ - લવ. લાઈફ. લીલા.'ના ક્રિએટિવ પ્રોડ્યુસર તરીકે તેમજ અનેક સફળ ગુજરાતી ફિલ્મો અને ભવ્ય સાંસ્કૃતિક પ્રોડક્શન્સ પાછળની મુખ્ય સર્જનાત્મક શક્તિ તરીકે તેઓ પરંપરા અને આધુનિક મનોરંજનનું અનોખું સંયોજન રજૂ કરતી પોતાની સર્જનાત્મક દૃષ્ટિ માટે જાણીતા છે. તેમની આગવી શૈલી અને કલાત્મક અભિગમ નવ અવસર નવરાત્રી 2026ને સંસ્કૃતિ, સંગીત અને કલાત્મક શ્રેષ્ઠતાની અવિસ્મરણીય ઉજવણીનું રૂપ આપશે.

પ્રતિષ્ઠિત હિંદવા ગ્રુપ દ્વારા વિકસાવવામાં આવેલ ધ વર્લ્ડ સુરત ગુજરાતના દીર્ઘકાલીન વિકાસમાં યોગદાન આપતા સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ્સ નિર્માણના ગ્રુપના વિઝનને સાકાર કરે છે. હોસ્પિટાલિટી ક્ષેત્ર ઉપરાંત હિંદવા ગ્રુપ વિવિધ વ્યૂહાત્મક પહેલો દ્વારા અન્ય અનેક બિઝનેસ ક્ષેત્રોમાં પણ સતત વિસ્તરણ કરી રહ્યું છે. તેમાં ગુજરાતના GIFT સિટીમાં હેડક્વાર્ટર ધરાવતી હિંદવાની એસેટ મેનેજમેન્ટ કંપની **હાર્ટસૈ ફિનટેક ઈનોવેશન લિમિટેડ**નો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં કંપનીએ મુંબઈ સ્થિત **રેકી ડિજિટલ વેન્ચર્સ** સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે, જે ફાસ્ટરેકી (FastRecce) બ્રાન્ડ હેઠળ ભારતનું એન્ડ-ટુ-એન્ડ લોકેશન સ્કાઉટિંગ, પ્રોડક્શન મેનેજમેન્ટ અને પ્રોડક્શન બુકિંગ પ્લેટફોર્મ તરીકે કાર્યરત છે. ફાસ્ટરેકી મુંબઈની અનેક અગ્રણી ફિલ્મ પ્રોડક્શન હાઉસ સાથે કાર્ય કરે છે અને ફિલ્મો, OTT પ્રોડક્શન્સ, ટેલિવિઝન કમર્શિયલ્સ, મ્યુઝિક વિડિયોઝ, વર્ટિકલ ડ્રામાઝ અને VFX પ્રોડક્શન્સ સહિતના વિવિધ પ્રોજેક્ટ્સને સપોર્ટ કરે છે. આ પ્લેટફોર્મની વિશિષ્ટ સુવિધાઓમાંની એક 'રીઈમેજિન (Reimagine)' છે, જે AI આધારિત વિઝ્યુઅલાઈઝેશન ટૂલ છે. આ સુવિધા પ્રોડક્શન સ્ટુડિયો અને ફિલ્મમેકર્સને આયોજનના તબક્કા દરમિયાન જ લોકેશન્સ, સેટ્સ અને પ્રોડક્શન એન્વાયરમેન્ટ કેવી રીતે દેખાશે તેનું ડિજિટલ વિઝ્યુઅલાઈઝેશન કરવાની સગવડ આપે છે, જેથી તેઓ વધુ ઝડપથી અને વધુ માહિતીસભર સર્જનાત્મક નિર્ણયો લઈ શકે છે. આ પ્લેટફોર્મ સમગ્ર ભારતમાં 3,000થી વધુ ફિલ્મિંગ લોકેશન્સનું સંચાલન કરે છે તેમજ પ્રોડક્શન માટે તૈયાર સ્ટુડિયો સેટઅપ્સની માલિકી ધરાવે છે.




આદિત્ય ધરની તાજેતરની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર'માં બતાવવામાં આવેલ ચર્ચિત પ્લેન-સીન તેનું એક નોંધપાત્ર ઉદાહરણ છે અને ઉપરાંત, કસ્ટમ-બિલ્ટ સેટ્સ નિર્માણ પણ કરે છે. આ પ્લેટફોર્મે નમિત મલ્હોત્રાની આગામી ભવ્ય ફિલ્મ 'રામાયણ' માટે પણ પોતાની B2B પ્રોડક્શન સેવાઓ દ્વારા સપોર્ટ પૂરો પાડ્યો છે. આ ભાગીદારી રિયલ એસ્ટેટ અને હોસ્પિટાલિટી ઉપરાંત નવા બિઝનેસ ઈકોસિસ્ટમ્સમાં હિંદવા ગ્રુપના સતત વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે.

ધ વર્લ્ડ સુરતને પ્રાપ્ત થયેલું 5-સ્ટાર ક્લાસિફિકેશન માત્ર એક હોટેલની સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર સુરત શહેરની વધતી વૈશ્વિક પ્રતિષ્ઠા અને વિકાસયાત્રાનું પ્રતિબિંબ છે. વૈશ્વિક રોકાણ, વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આંતરરાષ્ટ્રીય વ્યાપારની નવી તકોને સતત આકર્ષી રહેલું સુરત આજે નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે. અભૂતપૂર્વ કનેક્ટિવિટી અને ઝડપી આર્થિક વિકાસના નવા યુગમાં પ્રવેશી રહેલા સુરત સાથે ધ વર્લ્ડ સુરત હોટેલ પણ આ પ્રગતિનું પ્રતીક બનીને ઉભરી આવી છે. આંતરરાષ્ટ્રીય ધોરણોની હોસ્પિટાલિટી સાથે તે ભારતના સૌથી ઝડપથી વિકસી રહેલા શહેરોની મહત્ત્વાકાંક્ષા, દૃઢતા અને ઉજ્જવળ ભવિષ્યનું ગૌરવપૂર્વક પ્રતિનિધિત્વ કરે છે.



**ધ વર્લ્ડ સુરતને ભારતના સૌથી ઝડપથી વિકસી રહેલા આર્થિક વિસ્તારોમાંના એક એવા સુરતમાં દેશના આગામી ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત વિકાસને ધ્યાનમાં રાખીને દીર્ઘદષ્ટિ સાથે વિકસાવવામાં આવી છે. મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર શરૂ થયા બાદ સુરત દેશના સૌથી મોટા વ્યાપારી શહેરોની વધુ નજીક આવી જશે. આવનારા વર્ષોમાં મુંબઈ અને અમદાવાદ સુધીની મુસાફરીનો સમય આશરે એક કલાક જેટલો થઈ જવાની અપેક્ષા છે, જેના કારણે સુરતની કનેક્ટિવિટી વધુ ઝડપી અને સરળ બનશે. હાઈ-સ્પીડ રેલ નેટવર્કના વિસ્તરણથી ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે તેમજ જયપુર, દિલ્હી, પુણે, હૈદરાબાદ અને બેંગલુરુ જેવા મહત્ત્વના શહેરો સાથેની કનેક્ટિવિટી પણ વધુ સશક્ત બનશે. આ વિકાસ સાથે ધ વર્લ્ડ સુરત ઝડપથી વિકસી રહેલા આર્થિક કોરિડોરના કેન્દ્રસ્થાને રહેશે, જે આગામી દાયકાઓ સુધી ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.**

**હિંદવા ગ્રુપના કેયુર ખેનીએ** જણાવ્યું હતું કે, 'ધ વર્લ્ડ સુરત માટે 5-સ્ટાર ક્લાસિફિકેશન માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ તે વૈશ્વિક બિઝનેસ અને હોસ્પિટાલિટી ક્ષેત્રમાં સુરતના મજબૂત સ્થાનને વધુ દઢ બનાવે છે. અમારી દૃષ્ટિ હંમેશાં એવી વિશ્વસ્તરીય સુવિધાઓનું નિર્માણ કરવાની રહી છે, જે શહેરના ઝડપી વિકાસ અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ હોય. આ માન્યતા ભારતના અગ્રણી બિઝનેસ, પર્યટન અને આંતરરાષ્ટ્રીય હોસ્પિટાલિટી ડેસ્ટિનેશન્સમાં સુરતને વધુ મજબૂત સ્થાન અપાવવાના અમારા સંકલ્પને વધુ બળ આપે છે.'



## હિંદવા ગ્રુપની GIFT CITY ખાતેની હાર્ટસૈ કંપનીએ તાજેતરની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર' સાથે સંકળાયેલી મુંબઈની રેકી ડિજિટલ વેન્ચર્સ સાથે ભાગીદારી કરી છે, જે 3,000થી વધુ ફિલ્મિંગ લોકેશન્સ સાથે કાર્યરત છે